ત્રણેય રાજસ્થાની હત્યારાઓ પાંચ દિવસના રિમાન્ડ પર

હત્યા કરવા વપરાયેલુ ચપ્પુ અને લોખંડની ટોમી કેનાલમાં ફેંકી દીધી હોવાની આરોપીઓની કેફીયત

અમદાવાદના મેમનગર વિસ્તારમાં રહેતા અને પસ્તી ઉઘરાવવાનો વ્યવસાય કરતા યુવાનને કપટથી ઝુંડાલ કેનાલ પાસે લઈ જઈને પત્નિ સાથે આડા સંબંધો હોવાની શંકાને આધારે પતિએ બે મિત્રો સાથે મળીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાંખી હતી. ત્રણેય ઝડપાઈ ગયેલા હત્યારાઓની પુછપરછ માટે કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. અડાલજ પોલીસે ત્રણેયની સઘન પુછપરછ શરૂ કરી છે. હત્યા કરવામાં અને હત્યામાં મદદગારી કરવામાં પકડાયેલા ત્રણેય રાજસ્થાની યુવાન શખ્સોની વધુ પુછપરછ માટે કોર્ટમાંથી પાંચ દિવસના રિમાન્ડની મંજુરી મળતા અડાલજ પી.આઈ. એસ.એસ. ગઢવીએ તપાસ શરૂ કરી છે. હત્યા માટે વપરાયેલા હથિયારોમાં ચપ્પુ અને લોખંડની ટોમી કબ્જે લેવા પુછપરછ કરતાં હત્યારાએ ચપ્પુ અને ટોમી કેનાલમાં ફેંકી દીધા હોવાની કેફીયત આપી રહ્યા છે. તે સિવાય ક્યાંથી હથિયાર લાવ્યા હતા અને કેવી રીતે હત્યાનો પ્લાન ઘડ્યો તે સહિતની ઊંડી પુછપરછ હાથ ધરવામાં આવી છે.

ચંદ્રાલાના ફાર્મ હાઉસમાં લુંટારૂ ટોળકી ત્રાટકી

મકાનમાલિક જાગી જતા હવામાં ફાયરીંગ કર્યુ તસ્કરો ઉભી પુંછડીએ ભાગ્યા

ગાંધીનગર, તા. ૨૮

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈ-વે પર આવેલ ચંદ્રાલા ગામે સ્થિત સી.કે. પટેલ ફાર્મ હાઉસમાં ૩ દિવસ અગાઉ ૧૦-૧૨ ચોર ઈસમો લૂંટ અને ચોરીના ઈરાદે ત્રાટક્યા હતા. પરંતુ મકાન માલિક જાગી જતા અને આ શકમંદ ઈસમોની હિલચાલ પર ધ્યાન આપી બુમાબુમ કરી હતી. બાદમાં મકાન માલિકે ધાબા પર ચડી બે રાઉન્ડ હવામાં ફાયરીંગ કરતા શકમંદ ઈસમો ફાર્મ હાઉસની દિવાલો કુદી પાસે આવેલા ખેતરમાં નાશી છૂટ્યા હતા. આ ઘટનાને પગરે સમગ્ર વિસ્તારમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. મકાન માલિક સહિતના પરિવારજનો આ ઘટનાથી ભયભીત બની ગયા છે.

ગાંધીનગર નજીક ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલ ચંદ્રલા ગામમાં સી.કે. પટેલ નામનું ફાર્મ હાઉસ આવેલ છે. જયાં ફાર્મ હાઉસમાં મનોજ જયંતિભાઈ પટેલ અને સંજય જયંતિભાઈ પટેલ બે વ્યક્તિઓ પોતાના પરિવાર સાથે રહે છે. ૩ દિવસ અગાઉ આ ફાર્મ હાઉસમાં પરિવારના બધા સભ્યો હાજર હતા. દરમિયાન સાંજના આઠ વાગ્યાના સુમારે આશરે ૧૦-૧૨ જેટલા શકમંદ ઈસમો ફામ હાઉસમાં ઘૂસ્યા હોવાની જાણ મનોજને થઈ હતી. ચોર ચોરી કરવાના ઈરાદે ઘૂસ્યા હતા અને એક શખ્સ રસોડાની બારી તરફ નજરે પડતા મનોજભાઈએ બુમાબુમ કરી હતી. આથી અન્ય શખ્સો આજુબાજુમાં સંતાઈ ગયા હતા અને મનોજભાઈ ઘરની લાઈટો ચાલુ કરતા ચોરી કરવા આવેલા શખ્સો કંપાઉન્ડની દિવાલ કુદી બહાર તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા જેઓ હાથમાં લાકડીઓ ધોકા અને પાઈપો હોવાથી મનોજભાઈએ પોતાની ખાનગી બંદૂક લઈ મકાનના ધાબા પર જઈ બે રાઉન્ડ હવામાં ફાયરીંગ કર્યુ હતુ. આથી ચોરીના ઈરાદે હથિયારો સાથે આવેલ શખ્સો હથિયારો નાખી આસપાસના ખુલ્લા ખેતરોમાં ભાગી છૂટ્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ભયનું વાતાવરણ સર્જાયુ હતુ. બાદમાં મકાન માલિકે ચિલોડા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને આસપાસમાં તપાસ કરી હતી પરંતુ કોઈ શખ્સ નજરે ન પડ્યુ હતુ.

સવારે ખેતરોમાં પોલીસે ફરી તપાસ કરતા ૩ જોડી ચંપલ મળી આવ્યા હતા. પોલીસે આ મામલે મકાન માલિકની ફરિયાદના આધારે ગુનો નોંધી ચોરી કરવા આવેલ શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

યુવા કોંગ્રેસ ૧લીએ ચાલુ સત્રમાં વિધાનસભાનો ઘેરાવો કરશે

વિધાનસભા સત્ર કરતાં છ ગણો પોલીસ બંદોબસ્ત કોંગ્રેસની રેલી માટે ગોઠવાયો

વિધાનસભા સત્રનો પોલીસ બંદોબસ્ત

૧	એસપી.
૨	ડી.વાય.એસ.પી.
૫	પી.આઈ.
૨૦	પી.એસ.આઈ.
૧૫૦	પોલીસ
૩૦	મહિલા પોલીસ
૨૫	ટ્રાફીક પોલીસ
૨	કંપની એસ.આર.પી.

કોંગ્રેસની રેલીનો પોલીસ બંદોબસ્ત

૬	એસ.પી.
૨૨	ડીવાયએસપી
૫૨	પી.આઈ.
૧૫૦	પી.એસ.આઈ. (પુરુષ)
૧૩	પી.એસ.આઈ. (મહિલા)
૮૦૦	પોલીસ
૧૫૦	મહિલા પોલીસ
૧૦૦	ટ્રાફીક પોલીસ
૫	વોટર કેનન
૨	કંપની એસઆરપી
૨	પ્લાટુન મહિલા એસઆરપી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય વિધાનસભાનું ત્રી દિવસીય સત્ર ૩૦મી સપ્ટેમ્બરથી શરૂ થાય છે. તેના બીજા દિવસે ૧લી ઓક્ટોબરે ગાંધીનગર યુવા કોંગ્રેસ દ્વારા વિવિધ પ્રશ્નોને કારણે રેલી નીકાળી વિધાનસભાનો ઘેરાવો કરવાનો કાર્યક્રમ ઘડી કાઢતા પોલીસ દોડતી થઈ ગઈ છે. વિધાનસભા સત્રમાં મુકવામાં આવેલા પોલીસ બંદોબસ્ત કરતા રેલીમાં છ ગણી પોલીસ ગાંધીનગરમાં ઉતારવાની સ્કીમ તૈયાર થઈ ગઈ છે. વિધાનસભાને કિલ્લેબંધી કરી દેવામાં આવશે અને શહેરના મુખ્ય માર્ગો પર પોલીસ ગોઠવવા ઉપરાંત વિધાનસભાને ફરતે ચાંપતો પોલીસ બંદોબસ્ત મુકી દેવામાં આવશે.

અનોખી હનુમાન ભક્તિ

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦માં રહેતા નિવૃત્ત બેંક અધિકારી કૃષ્ણકુમાર રાણા છેલ્લા દસ વર્ષથી નિયમિત દર શનિવારે શહેરના કપિરાજોને બિસ્કીટ ખવડાવે છે. તેઓ તેમની કારમાં બિસ્કીટનાં પેકેટો લઈને નીકળી પડે છે અને જ્યાં જ્યાં કપિરાજોના ટોળા દેખાય ત્યાં કાર પાર્ક કરીને નિર્ભયપણે કપિરાજોના ટોળામાં જઈને બિસ્કીટ ખવડાવે છે. આ કપિરાજો પણ તેમને બરાબર ઓળખી ગયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે જ્યારે તેઓ બિસ્કીટ આપે છે ત્યારે આ કપિરાજો સહેજ પણ ધાંધલ-ધમાલ કે પડાપડી કર્યા વગર શાંતિથી હાથ લંબાવીને તેમના હાથમાંથી બિસ્કીટ લે છે. આવી શિસ્તબદ્ધતા તો આજકાલ માનવીઓમાં પણ જોવા મળતી નથી.

(તસવીર : સમીર રામી)

શીલજથી ગાંધીનગર પોષ્ટકાર્ડ આવતા એક મહીનાનો સમય થયો!!

હાઈટેક યુગમાં પોષ્ટ વિભાગની મંદ અને નબળી સેવા સામે આશ્ચર્ય અને આક્રોશ

ગાંધીનગર, તા.૨૮

હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશે કોલેજના ટ્રસ્ટીને લખેલું પોષ્ટકાર્ડ આખરે એક મહીનાના લાંબા સમયગાળા બાદ તેના નામ-સરનામે પહોંચ્યું!! માત્ર ૨૦ કિ.મી. દૂરના અંતરેથી પોષ્ટ કરાયેલા કાર્ડને ગાંધીનગરના સરનામે પહોંચતા ૨૬ દિવસનો સમય થયો!! હાઈટેક યુગમાં વિજ્ઞાનના આધુનિક ઉપકરણોના ઉપયોગથી દુનિયા આંગળીના ટેરવે હોવાનું પ્રતિત થાય છે ત્યારે આધુનિક અને ઝડપી સમયમાં પોષ્ટ વિભાગની મંદ અને નબળી સેવાનો પરચો અનેક નાગરિકો માટે આશ્ચર્ય અને હાલાકીનું કારણ બને છે.

આજના હાઈટેક યુગમાં ઈ-મેઈલ અને મોબાઈલ મેસેજના લીધે આંખના પલકારામાં સંદેશા વ્યવહાર થાય છે. કોમ્પ્યુટર અને મોબાઈલના યુગમાં લેખન પ્રવૃત્તિથી થતો પત્ર વ્યવહાર માત્ર નામનો જ રહી ગયો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. બીજી તરફ મહિના સુધી ટપાલો નામ-સરનામે ન પહોંચતા આમ નાગરિકોમાં તેની વિશ્વસનિયતા સામે પણ પ્રશ્નો મંડરાયા છે. આમ છતાં પોષ્ટકાર્ડના માધ્યમથી પત્ર વ્યવહાર કરવાનો ટ્રેન્ડ હજુ ક્યાંક ક્યાંક યથાવત છે. પરંતુ પોષ્ટ વિભાગની મંદ અને નબળી સેવાના લીધે આમ નાગરિકોમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. પોષ્ટ વિભાગની મંદ સેવાને તાદશ્ય કરતો આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હાઈકોર્ટના એક નિવૃત્ત ન્યાયાધીશે ગત તા. ૨૯ ઓગષ્ટના રોજ શીલજથી ગાંધીનગર માટે એક પોષ્ટકાર્ડ પોષ્ટ કર્યું હતું પરંતુ એક મહીના જેટલા લાંબા સમય બાદ શહેરમાં સ્થિત એક કોલેજના ટ્રસ્ટીને આ પોષ્ટકાર્ડ મળતા તેઓ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા! આ મામલે સે-૮ સ્થિત કોલેજના ટ્રસ્ટી કિશોરસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે તેમના 'શબ્દસર' નામાન મેગેઝીનના અંકો પણ નિયત સરનામે નિયમિત પહોંચતા નથી!!

સે. ૬-ડીમાં રીનોવેશન માટે ખાલી કરાયેલા મકાનો પરત સોંપવા માંગ

કામચલાઉ ફળવાયેલા આવાસોની હાલત કંગાળ રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૬-ડીમાં આવાસ મજબુતીકરણની કામગીરી અન્વયે ખાલી કરાયેલા મકાનો રહીશોને પરત શોંપવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. મુળ મકાનો ખાલી કરાવીને રહીશોને કામચલાઉ ધોરણે ફાળવવામાં આવેલ આવાસો અત્યંત કંગાળ હાલતમાં હોવાનો આક્રોશ પ્રવર્ત્યો છે.

સે. ૬-ડીમાં ચ-૧ ટાઈપમાં રહેતા અસરગ્રસ્ત વસાહતીઓના જણાવ્યા મુજબ સે. ૬-ડીમાં સ્થિત ચ-૧ ટાઈપના બ્લોક મજબુતીકરણ માટે અગાઉ તંત્ર દ્વારા ખાલી કરવામાં આવ્યા હતા. પરંતુ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે રહીશોને ફાળવામાં આવેલા અન્ય આવાસોની હાલત મૂળ મકાન કરતા પણ બદતર હોવાથી વસાહતીઓને પારાવાર હાલાકી વેઠવી પડે છે. બીજી તરફ મજબુતીકરણ માટે ખાલી કરાયેલા આવાસોની કામગીરી પણ પૂર્ણ થતી નથી આવા સંજોગોમાં રહીશોને તેમના મૂળ મકાન પરત સોંપવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. મજબૂતીકરણની કામગીરીના ઉદ્દેશથી આવાસો ખાલી કરાવવાના લાંબા સમય બાદ પણ કામ શરૂ ન થતા રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે.

વરસાદની ચાલેલી લાંબી ઈનિંગથી ગૃહિણીઓ હેરાન-પરેશાન

ઘરની દૈનિક પ્રવૃત્તિઓમાં વરસાદ અડચણરૂપ સૌથી વધુ કપડાં સુકાવાની મોટી પળોજણ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ગત શનિવારથી શરૂ થયેલા મેઘરાજાએ ગૃહિણીઓની દૈનિક પ્રવૃત્તિઓને તહસ નહસ કરી નાંખી છે. એક અઠવાડિયાની ચાલેલી વરસાદની લાંબી ઈનિંગથી ગૃહિણીઓ હેરાન પરેશાન થઈ ગઈ છે. જેમાં સૌથી વધુ મોટી સમસ્યા કપડાં સુકાવાની ઉભી થઈ છે. ઘનઘોર વાદળોથી ઘેરાયેલા વાતાવરણમાં ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ જતાં જરુરિયાતની ચીજવસ્તુઓ માટે ગૃહિણીઓ નિસાસા નાંખી રહી છે.

ગાંધીનગર શહેરની ગૃહિણીઓ સતત વરસાદની હેલીથી વિમાસણમાં મુકાઈ ગઈ છે. ગત શનિવારથી શરુ થયેલો વરસાદ બીજા શનિવારના રોજ બંધ થશે તેવી લોકવાયકાથી ગૃહિણીઓની મુંઝવણમાં વધારો થયો છે. સતત એક અઠવાડીયાની હેલીથી ઘરમાં જીવન જરુરી ચીજવસ્તુઓનો પુરવઠો પણ લાવી ન શકાતા હાજર હોય તેનાથી ચલાવી લેવાની વ્યુહરચના અપનાવાઈ રહી છે. સૌથી મોટી સમસ્યા કપડાં સુકાવાની ઉભી થઈ છે. એક અઠવાડીયાથી સુર્યનારાયણે દેખા ન દેતાં કપડાં પણ ભીના જ રહે છે. તો બીજી તરફ અનાજ દળવા જવું, શાકભાજી લાવવી તેમજ અન્ય દૈનિક જરુરિયાતની ચીજવસ્તુઓ માટે પણ ભારે તકલીફ પડી રહી છે.

ઘનઘોર વાદળો વચ્ચે વરસતાં વરસાદને લીધે સામાજીક કામ અર્થે બહાર નીકળવું પણ મુશ્કેલ બની જતાં સામાજીક કાર્યો પણ અટકી ગયા છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મમતા કાર્ડ ધારકને સહાય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ખેરાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ત્રણ સબ સેન્ટરની ૭૦ બહેનોને તપાસીને શક્તિની દવા આપવામાં આવી હતી. મમતા કાર્ડવાળા સર્ગભા બહેનો ડૉ. સુવિણાબેન ચીતણીયા દ્વારા યોગ્ય તપાસણી કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા પ્રત્યેકને મગ તથા ભગવદંગી આપી હતી. શામળાજી પંથકની બહેનોની સંભાળ નિયમિત સંસ્થા દ્વારા લેવામાં આવે છે. રાયપુર માધ્યમિક શાળામાં ૧૪૦ બાળકોને ગૃહશોભાના અંકો ૬૫ કન્યાઓને બોલપેન એકલવ્ય નિવાસી શાળામાં ગીતો ગવડાવ્યા હતા. છાત્રેશ્વરીમાં બાળકોને ગણવેશ, પાટી-પેન આપવામાં આવી હતી. પ્રમુખ મિલિન્દ ગુપ્તે, દિનેશભાઈ તથા ગામેતી દ્વારા આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

સેક્ટર-૨૧ કેટેગરી-ઉની નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૧ કેટેગરી-ઉની નવરાત્રી સમિતિના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

પ્રમુખ અરવિંદસિંહ બી રાણા, ઉપપ્રમુખ એચ.આર. પટેલ, મંત્રી ઘનશ્યામભાઈ ગોહિલ, સહમંત્રી બકુલભાઈ, ખજાનચી પ્રશાંતભાઈ પારેખ, સલાહકાર ડી.કે. પરમાર, મહેન્દ્રસિંહ પરમાર, ઑડિટર મનુભાઈ પંચાસરા, કારોબારી સભ્યોમાં જિજ્ઞેશભાઈ દવે, પાનાચંદભાઈ પરેચા, વાસુદેવસિંહ, વિજયભાઈ જોશી, રમેશભાઈ રાઠોડ, પ્રવિણભાઈ ચૌધરીની નિમણૂંક કરવામાં આવી છે.

સેક્ટર-૨૭માં આધાર કાર્ડ કેમ્પનું આયોજન

આવતીકાલ તા. ૩૦મી સપ્ટેમ્બરથી તા. ૩જી ઓક્ટોબર સુધી સેક્ટર-૨૭ની પ્રાથમિક શાળા ખાતે આધારકાર્ડ કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પનો સેક્ટર-૨૬ અને ૨૭ના તમામ રહીશો લાભ લઈ શકશે. આ કેમ્પનો સમય સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનો રહેશે.

બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા નવરાત્રિ ગરબાનું આયોજન

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા પરંપરાગત ગરબા સ્પર્ધાનું આયોજન ૬ ઓક્ટોબરના રોજ બપોરે ૨.૦૦ કલાકે બ્રહ્મભવન સે. ૧૬ ખાતે કરેલ છે. જેમાં ૫ વર્ષથી લઈને ૫૫ વર્ષની બ્રહ્મ સમાજની મહિલાઓ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આશાબેન ભટ્ટ, સે. ૨૩, પો. ૨૩૨-૨૫૬૫૬, કુ. અંજના ગોર - સે. ૬-બી ફો. ૨૩૨-૪૮૪૩૩, શ્રીમતી નીશાબેન જોષી સે. ૨૯, ૯૯૧૩૮ ૪૦૧૭૬ તેમજ લક્ષ્મીભવન કાર્યાલય ફો. ૨૩૨-૩૫૯૩૯ સે. ૧૬ સંપર્ક કરવા પ્રમુખ પ્રતિભાબેન દવે દ્વારા જણાવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૦

તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ ૧૧.૫ મિ.મી.

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વૉર્નિંગ ૩-ડી(હિન્દી) : ૧૦.૩૫, ૧૨.૩૫, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૨૦
ઈલ્યુશીયમ : ૫.૩૫
: સ્ક્રીન-૨ :
ધ લન્ચ બૉક્ષ : ૧૦.૩૦, ૩.૨૦, ૫.૪૫, ૧૦.૩૫
ઈલ્યુશીયમ (હિન્દી) : ૧૨.૫૫, ૮.૧૦
: સ્ક્રીન-૩ :
ગ્રાન્ડ મસ્તીઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરાઃ ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૪.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ઈલ્યુશીયમ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
વૉર્નિંગ (૨-ડી) : ૧૦.૦૦, ૩.૧૫, ૫.૩૦
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦, ૮.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૫ :
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦
વૉર્નિંગ (૨-ડી) : ૩.૧૫
ફટા પૉસ્ટ નીકલા હીરો : ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગ્રાન્ડ મસ્તીઃ ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વૉર્નિંગ : ૧૦.૪૫, ૪.૪૫, ૧૦.૪૫
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧.૪૫, ૭.૪૫
: સ્ક્રીન-૩ :
સુપર મોડલઃ ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
વૉર્નિંગ : ૨.૦૦, ૮.૦૦

વિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- સેક્ટર-૩/સી,માં આવેલ શ્રી મા મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકર દ્વારા આનંદનો ગરબો કમળાબેન પટેલ પ્લોટ નં. ૧૩૩૦/૧, સેક્ટર-૩/બી ખાતે બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરિસ્થિતિ ઉભી થઈ શકે છે. નવા આયોજનો વિશે ચર્ચા થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

ચિરવિદાય

- સ્વ.હસમુખભાઈ કાંતિલાલ શાહ(ઉ.વ.૫૮) પ્લોટ નં. ૧૧૭૦/૨, સેક્ટર- ૨/એ, ગાંધીનગર.
- સ્વ.શણગારબા પથુજી ચાવડા(ઉ.વ.૭૦) મુ.પો. રૂપાલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.કાનજી લક્ષ્મણજી વાઘેલા(ઉ.વ.૬૨)મુ.પો. પીંપળજ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.સરસ્વતીબેન કનૈયાલાલ માળી(ઉ.વ.૮૦) બી.૮૧, ભૂમિ પાર્ક સોસાયટી, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.શારદાબેન બળવંતલાલ રાણા(ઉ.વ.૫૮) પ્લોટ નં. ૮૦/૨, સેક્ટર-૪/એ, ગાંધીનગર.